| દાખલ તારીખ | ૦૭–૧૦–૨૦૨૨ | | |
|---|---|---|---|
| અરજી નોંધણી તારીખ | ૦૭–૧૦–૨૦૨૨ | | |
| અરજી ફેંસલ તારીખ | ૧૬–૦૬–૨૦૨૩ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**ભરૂચના મહે. પ્રિન્સીપાલ સેસન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ : ભરૂચ.**

**<u>ફોજદારી રીવીઝન અરજી નંબર : ૭૦ સને ૨૦૨૨</u>**

**આંક–**

**<u>અરજદાર</u>** :– (૧) શાહીનબેન તે સલીમભાઈ પટેલની દિકરી અને એઝાઝભાઈ મુસ્તાકભાઈ ભાની પત્નિ
(૨) સગીર અયાન એઝાઝના વાલી શાહીનબેન સલીમભાઈ
રહે. વસ્તી ખંડાલી, તા.વાગરા, જી.ભરૂચ

**..વિરૂધ્ધ..**

**<u>સામાવાળા</u>** :– એઝાઝભાઈ મુસ્તાકભાઈ ભા
રહે. દયાદરા, તા.જી.ભરૂચ

બાબત– ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૯૭ અન્વયે ક્રિમીનલ રીવીઝન <u>અરજી</u>.

---

અરજદાર તરફે વિ.વકીલશ્રી આર.આર.પટેલ
સામાવાળા તરફે વિ.વકીલશ્રી એસ.એ.પટેલ

---

**<u>–: ચુ કા દો :–</u>**

**૧.** આ કેસના અરજદારે પોતાના માટે અને પોતાના સગીર વયના દિકરા માટે સામાવાળા પાસેથી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ હેઠળ ભરણપોષણ મેળવવા માટે વાગરાના વિ.એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ક્રિ.પ.અ.નં.૪૦/૨૦૨૧ થી અરજી આપેલી. જે ભરણપોષણ મેળવવાની અરજી નીચેની અદાલતે તા.૦૧.૦૮.૨૦૨૨ ના રોજ અંશત: મંજુર કરી સામાવાળા પતિએ

અરજદાર નં.૧ પત્નિને માસિક રૂા.૩,૫૦૦/– અને અરજદાર નં. ૨ સગીર પુત્રને માસિક રૂા.૧,૫૦૦/– લેખે મળી કુલ રૂા.૫,૦૦૦/– અરજીની તારીખથી ભરણપોષણ પેટે ચુકવી આપવાનો હુકમ કરેલો. જે હુકમથી નારાજ થઈને આ રીવીઝન અરજીના અરજદારોએ હાલની પ્રસ્તુત ફોજદારી રીવીઝન અરજી દાખલ કરેલી છે.

૨. અરજદારો તરફથી તેમની હાલની પ્રસ્તુત ફોજદારી રીવીઝન અરજી રજુ થતા સામાવાળાને નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હતો. જે અન્વયે સામાવાળાને નોટીસની બજવણી થતા સામાવાળા તરફે વિ.વકીલશ્રી એસ.એ.પટેલ આ કામે હાજર થયેલા છે.

૩. આ ફોજદારી રીવીઝન અરજીના કામમાં અરજદારો તરફથી નીચે જણાવ્યા પ્રમાણેના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૧) નિશાની ૩/૧ થી વાગરાના વિ.એડી.જ્યુ.મેજી.ફ.ક.શ્રીએ તા.૦૧.૦૮.૨૦૨૨ ના રોજ આપેલ ચુકાદાની ખરી નકલ.

૪. ત્યારબાદ આ ફોજદારી રીવીઝન અરજીના કામે બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તથા આ કામે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવેલા છે.

૫. આ ફોજદારી રીવીઝન અરજીના કામમાં અરજદારના વિ.વકીલશ્રીએ આંક–૧ ની રીવીઝન અરજીમાં જણાવેલી હકિકતો પ્રમાણેની પોતાની મૌખિક દલીલો કરીને તથા નિશાની ૩/૧ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તરફ અત્રેની કોર્ટનું ધ્યાન દોરીને તેમજ અરજદારના વિ.વકીલશ્રીએ આંક–૧૬ થી લેખિત દલીલો રજુ કરી વાગરાના વિ.એડી.જ્યુ.મેજી.ફ.ક.શ્રીએ તેમની સમક્ષની ક્રિ.પ્રો. કોડની કલમ–૧૨૫ હેઠળની ભરણપોષણની અરજી લગત તા.૦૧.૦૮.૨૦૨૨ ના

રોજ કરેલ હુકમ રદ કરીને તેમની આંક–૧ ની રીવીઝન અરજી મંજુર કરવા મૌખિક વિનંતી કરેલ છે અને અરજદારના વિ.વકીલશ્રીએ ના.સુપ્રિમ કોર્ટ સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૭૩૦/૨૦૨૦ – રજનેશ વિરૂધ્ધ નેહા અને બીજાઓનો ચુકાદો રજુ રાખેલ છે.

**૬.** ત્યારબાદ આ ફોજદારી રીવીઝન અરજીના કામમાં સામાવાળા તરફથી વિ.વકીલશ્રીએ આંક–૧૪ થી લેખિત દલીલો રજુ કરીને તેમજ મૌખિક દલીલો કરીને આંક–૧ ની રીવીઝન અરજીનો વિરોધ કરતા જણાવેલ છે કે વાગરાના વિ.એડી.જયુ.મેજી.ફ.ક.શ્રીએ તેમની સમક્ષની ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ હેઠળની ભરણપોષણ મેળવવાની અરજી લગત તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ કરેલ હુકમ તદ્દન કાયદેસરનો, યોગ્ય, ન્યાયી અને વ્યાજબી છે તેથી આ સંજોગોમાં આ હુકમમાં જણાવેલ કારણો ધ્યાનમાં લેતાં તે હુકમ કાયમ રાખીને અરજદારની રીવીઝન અરજી નામંજુર/રદ કરવા મૌખિક વિનંતી કરેલ છે.

**૭.** હવે ઉભયપક્ષ તરફથી કરવામાં આવેલી દલીલો ધ્યાનમાં લેતાં આ ફોજદારી રીવીઝન અરજીના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે.

**<u>મુદ્દાઓ.</u>**

મુદ્દા નં.૧ : શું વાગરાના વિ.એડી.જયુ.મેજી.ફ.ક.શ્રીએ તેમની સમક્ષની ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ હેઠળની ભરણપોષણ મેળવવાની અરજી લગત તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ કરેલ હુકમ અયોગ્ય, અન્યાયી ગેરવ્યાજબી, ભુલ ભરેલ અને કાયદાના પ્રબંધોથી વિરૂધ્ધનો છે ?

મુદ્દા નં.૨ : જો, હા, તો તે હુકમમાં અત્રેની કોર્ટે કોઈ હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા રહેલી છે ?

મુદ્દા નં.૩ : શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે પ્રમાણે છે અને તે માટેના કારણો તેની નીચે વિગતવાર આપવામાં આવેલા છે.

**<u>નિર્ણયો.</u>**

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.ર નકારાત્મક.

મુદ્દા નં.૩ આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નંબર ૧ થી ર સંયુકત.</u>**

૯. હવે આ ફોજદારી રીવીઝન અરજીનું કારણ વાગરાના વિ.એડી. જયુ.મેજી.ફ.ક.શ્રીએ તેમની સમક્ષની ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૧ હેઠળની ભરણપોષણ મેળવવાની અરજી લગત તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ કરેલ હુકમમાંથી ઉદભવેલ છે.

**૧૦.** હવે અરજદારની હાલની રીવીઝન અરજી મંજુર કરવી જોઇએ કે કેમ ? તે અંગેનો નિર્ણય કરવા માટે અરજદારની આંક-૧ ની રીવીઝન અરજીની હકિકતો તથા તેની સાથે નિશાની ૩/૧ થી રજુ થયેલ વાગરાના વિ.એડી. જયુ.મેજી.ફ.ક.શ્રીએ તેમની સમક્ષની ક્રિ.પ્રો.કોડની કલમ-૧૨૫ હેઠળની ભરણપોષણ મેળવવાની અરજી અને તે લગત તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ કરેલ હુકમની હકિકતો વંચાણે લીધી તથા વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ વંચાણે લીધું તથા ઉભયપક્ષના વિ.વકીલશ્રીઓની દલીલો પણ ધ્યાને લીધી.

**૧૧.** હવે આ રીવીઝન અરજીના કામમાં અરજદાર તરફથી તેમની આંક-૧ ની રીવીઝન અરજી સાથે નિશાની ૩/૧ થી રજુ કરવામાં આવેલ ક્રિ.પ્રો.કોડની કલમ-૧૨૫ હેઠળની ભરણપોષણ મેળવવાની અરજી લગત તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ કરેલ હુકમમાં પાના નં.૧૩ અને ૧૪ માં મુદ્દા નં.ર અને મુદ્દા નં.૩ અન્વયે નીચે પ્રમાણેની હકિકતો જણાવીને અરજીના હુકમના

કારણો/તારણો નીચે પ્રમાણે આપેલ છે.

*''મે.વાગરાના એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં*
*મુકામ : વાગરા.*

*<u>ક્રિ.પ.અ.નંબર : ૪૦/૨૦૨૧</u>*

***(૯) મુદ્દા નં.૨ :-***

*આ કામે કોઈ પણ પક્ષકારો તરફથી સામાવાળા ની આવક સબંધેનો પુરાવો રજુ કર્યો નથી. અરજદાર પોતે કોઈ સ્વતંત્ર આવક ધરાવતા હોવાનું પણ સાબીત થયું નથી. જો કે, સામાવાળાની ચોક્કસ આવક કેટલી છે તે પુરવાર કરવાનો બોજો સામાવાળા ઉપર રહેલો છે. સામાવાળાએ પોતાની ચોક્કસ આવક પુરવાર કરેલ નથી. આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ૧૯૯૩ - જી.એલ.એચ. પાના નં.૪૪૪ અરૂણાબેન વૃજલાલ દાવડા વિ. સ્ટેટ ઓફ ગુજરાતવાળો ચુકાદો જોતા તેમાં એવું ઠરાવેલ છે કે,પુરાવા અધિનિયમની કલમ-૧૦૬ મુજબ જો સામાવાળા પોતાની આવક ન જણાવે તો આવક બાબતે અનુમાન કરી શકાય, તે જોતાં સામાવાળાએ પોતે સદર કામે હાજર રહી પોતાની આવક પુરવાર કરેલ ન હોય ઉપરોકત ચુકાદા મુજબ સામાવાળાની આવકનું અનુમાન કરી શકાય. તેથી સામાવાળાની આવકનું અનુમાન કરીએ તો, જયારે સામાવાળાએ તેઓની ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, તેઓ ઝાયડસ કેડીલા કંપનીમાં કોન્ટ્રાકટમાં નોકરી કરે છે તેમજ અરજદારના જણાવ્યા મુજબ સામાવાળા ઝાયડસ કેડીલા કંપનીમાં ઈલેકટ્રીશીયનનું કામ કરી આજના સમયમાં ઓછામાં ઓછા રોજના રૂા.૪૦૦/- થી રૂા.૫૦૦/- કમાતા હોય તો માસીક રૂા.૧૨,૦૦૦/- થી રૂા.૧૫,૦૦૦/- જેટલું કમાતા હોવાનું અનુમાન કરી શકાય. જે આધારે સામાવાળાની માસિક આવક રૂા.૧૨,૦૦૦/- થી રૂ.૧૫,૦૦૦/- હોવાનું અનુમાન કરવામાં આવે છે. વધુમાં સામાવાળાએ તેમના પુરાવામાં તેમના ઉપર તેમના ઘરની તમામ જવાબદારી હોવાનું જણાવેલ છે. પરંતુ સામાવાળાની અરજદાર તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સામાવાળાએ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના ભાઈ*

તેઓનાથી મોટો છે અને તે મરઘી મટન વેચવાનો ધંધો કરે છે અને તેઓના પિતા નિવૃત જીવન વિતાવે છે. આમ, સામાવાળાના માતા પિતાના સામાવાળા એકલા સંતાન નથી. સામાવાળાના એક ભાઈ પણ છે અને તેઓ ધંધો કરીને તેઓ આવક મેળવતા હોવાનું જણાઈ આવે છે. જેથી સામાવાળા એકલા ઉપર ઘરની જવાબદારી હોય તેવુ જણાઈ આવતું નથી. તેવા સંજોગોમાં ન્યાય તંત્રના સ્થાપિત સિધ્ધાંતોને લક્ષમાં લેતા ભરણપોષણની રકમ એટલી બધી વધારે પણ ન હોવી જોઈએ કે ભવિષ્યમાં પત્નીને પતિ ગૃહે જવાની ઈચ્છા જ ન થાય તેમજ એટલી ઓછી પણ ન હોવી જોઈએ કે અરજદારનું ભરણપોષણ ન થઈ શકે તેવા સંજોગોમાં હાલની મોંઘવારી, અરજદારની જરૂરીયાત, સામાવાળાની આવક તે તમામ હકીકતો લક્ષમાં રાખતા આ કામના સામાવાળા અરજદાર નં.૧ ને માસિક રૂા.૩,૫૦૦/–અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો પુરા તથા અરજદાર નં.ર ને માસિક રૂા.૧૫૦૦/– અંકે રૂપિયા પુરા પંદરસો પુરા અરજી કર્યા તારીખથી માસીક ભરણપોષણ પેટે ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવશે તો તે ન્યાયના હિતમાં યોગ્ય ગણાશે તેવું આ કોર્ટનું માનવું છે. જેથી મુદ્દા નં.ર તથા મુદ્દા નં.૩ ના જવાબ સ્વરૂપે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરીહુકમ</u> ::–

૦.૧ અરજદારની હાલની અરજી અંશતઃ મંજુર કરી સામાવાળાને એવો હુકમ કરવામાં આવે છે કે,અરજી કર્યા તા.૦૮/૦૭/ર૦ર૧ થી આ કામના અરજદાર નં.૧ ને માસિક ભરણપોષણ પેટે રૂા.૩,૫૦૦/–, (અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો પુરા) તથા અરજદાર નં.ર ને માસિક ભરણપોષણ પેટે રૂા.૧,૫૦૦/–, (અંકે રૂપિયા પંદરસો પુરા) મળી કુલ્લે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દર મહિને નિયમીત પણે ચુકવી આપવા.

૦.ર આ કામે અરજદાર નં.ર નાઓ સગીર હોય તેઓના માસિક ભરણપોષણની રકમ અરજદાર નં.૧ ને ચુકવી આપવી.

*૦.૩ ખર્ચ પેટે અરજદારને રૂા.૩૦૦૦/– અંકે રૂપીયા ત્રણ હજાર પુરા અલગથી સામાવાળાએ ચુકવી આપવા.*

*૦.૪ હુકમની એક નકલ અરજદારને વિનામૂલ્યે પુરી પાડવી.*

*હુકમ આજરોજ તારીખ: ૦૧ મી, માહે ઓગસ્ટ,સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.''*

**૧૨.** આમ, વિ.ટ્રાયલ કોર્ટનો ઉપરોકત હુકમ ધ્યાનમાં લેતાં તથા ક્રિ.પ્રો. કોડની કલમ–૧૨૫ માં કરવામાં આવેલી કાયદાની જોગવાઈ ધ્યાનમાં લેતાં વિ. નીચેની કોર્ટ સમક્ષની ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ હેઠળની ભરણપોષણ મેળવવાની અરજી લગત વિ.નીચેની કોર્ટે સામાવાળા પતિની માસિક આવક, ધંધાનો પ્રકાર, સામાવાળા પતિની જવાબદારીઓ, મોંઘવારી વિગેરે તમામ પરીબળો ધ્યાને લઈને વાગરાના વિ. એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ અરજદાર પત્નિ અને સગીર બાળકની ભરણપોષણની અરજી અંશત: મંજુર કરતો હુકમ તા.૦૧.૦૮.૨૦૨૨ ના રોજ કરેલ છે અને તે હુકમમાં જણાવેલી હકિકતો અને તેવો હુકમ કરવા માટે આપેલા કારણો/તારણો ન્યાયના હિતમાં સ્વીકારવાલાયક અને માનવાલાયક હોવાથી તે હુકમ અયોગ્ય, અન્યાયી, ગેરવ્યાજબી, ભુલ ભરેલો અને કાયદાના પ્રબંધોથી વિરૂધ્ધનો નથી. પરંતુ યોગ્ય, ન્યાયીક, વ્યાજબી, ભુલ વગરનો અને કાયદાના પ્રબંધો પ્રમાણેનો હોવાનું જણાય છે. આ કેસના અરજદાર પત્નિના વિ.વકીલશ્રીએ ના.સુપ્રિમ કોર્ટ સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૭૩૦/૨૦૨૦ – રજનેશ વિરૂધ્ધ નેહાનો ચુકાદો રજુ રાખેલ છે પરંતુ અરજદાર તરફે સામાવાળાની આવક અંગેનો કોઈ ચોકકસ, વિશ્વસનીય અને સ્વીકારવાપાત્ર પુરાવો રજુ રાખેલો નથી. જયારે સામાવાળાએ પોતે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે તેઓ ઝાયડસ કેડીલા કંપનીમાં કોન્ટ્રાકટમાં નોકરી કરે છે. તે સાથે સામાવાળાએ કોન્ટ્રાકટમાં નોકરી કરી રોજના રૂા.૩૦૦/– કમાતા હોવાનું પણ જણાવેલ છે, પરંતુ ટ્રાયલ કોર્ટ સમક્ષ બંને પક્ષકારો તરફથી

કોઈએ પણ ઝાયડસ કેડીલા કંપનીના કોઈ જવાબદાર કર્મચારી/અધિકારીને સોગંદ ઉપર તપાસેલા નથી. જેથી આ કેસના અરજદારના વિ.વકીલશ્રીએ રજુ કરેલ ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનો લાભ મળી શકે તેમ નહી હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવું છે અને તેથી વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષની ફોજદારી પરચુરણ અરજી નં. ૪૦/૨૦૨૧ ના કામમાં આંક–૨૧ લગત વાગરાના વિ.એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૦૧.૦૮.૨૦૨૨ ના રોજ કરેલ હુકમમાં અત્રેની કોર્ટને હસ્તક્ષેપ કરવાની કોઈ જ આવશ્યકતા રહેલી નથી એવું માનવું ન્યાયના હીતમાં ઉચિત અને વ્યાજબી જણાય છે એવુ અમારૂ નમ્રપણે માનવુ છે.

**૧૩.** તેથી આ સંજોગોમાં ઉપર જણાવ્યા પ્રમાણે કરવામાં આવેલી વિગતવાર કારણોની ચર્ચાના અંતે મુદ્દા નં.૧ અને ૨ ના નિર્ણયો નકારાત્મક આપવામાં આવે છે અને અરજદારની હાલની ફોજદારી રીવીઝન અરજી મંજુર કરવાને પાત્ર જણાતી ન હોવાથી મુદ્દા નં.૩ અંગે છેવટનો હુકમ નીચે પ્રમાણે કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧૪.** આથી અરજદાર/મુળ અરજદાર પત્નિની પ્રસ્તુત ફોજદારી રીવીઝન અરજી ન્યાયના હિતમાં નામંજુર/રદ કરવામાં આવે છે.

**૧૪.** વાગરાના વિ. એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટ સમક્ષની ફોજદારી પરચુરણ અરજી નં.૪૦/૨૦૨૧ નું રેકર્ડ આ હુકમની એક નકલ સહીત વિ.સંબંધીત કોર્ટ તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૫.** આ હુકમ આજ રોજ તારીખ ૧૬મી માહે જુન સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૬/૦૬/૨૦૨૩ (પ્રશાંતકુમાર શાન્તીલાલ બ્રહ્મભટ્ટ)
સ્થળ : ભરૂચ પ્રિન્સીપાલ સેસન્સ જજ, ભરૂચ

કોડ નં. જીજે ૦૦૩૩૫.